# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 7-10-2024 Evening : 7.50 to 8.00
Day : Monday National News

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) ભારત અને માલદીવ વચ્ચે સમજૂતીના 2 કરાર - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'આગામી સમયમાં ભારત અને માલદીવને UPI સાથે જોડાશે.'
2) હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટેની આવતીકાલે યોજાનારી મતગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'દેશમાં નક્સલવાદનો સંપૂર્ણ રીતે નાશ કરવામાં આવી રહ્યો છે'
4) શરીરવિજ્ઞાન અને આરોગ્ય ક્ષેત્રમાં યોગદાન બદલ વિક્ટર એમ્બ્રોસ અને ગૈરી રુવકુનને વર્ષ 2024નો નૉબેલ પુરસ્કાર એનાયત કરાશે.
5) આજે વિશ્વ કપાસ દિવસ – ચીન બાદ ભારત વિશ્વનો સૌથી મોટો કપાસ ઉત્પાદક દેશ.
6) મહિલા ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં હાલમાં ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઇ રહી છે. દક્ષિણ આફ્રિકાએ પહેલાં બેટીંગ પસંદ કરી.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM MALDIVS TALKS

ભારતે માલદીવને 40 કરોડ ડૉલરની સહાય અને ત્રણ હજાર કરોડ રૂપિયાની દ્વિપક્ષીય ચલણ વિનિમયની સુવિધા પૂરી પાડી છે. આ સહાય માલદીવ

સામે વર્તમાન નાણાકીય પડકારોને પહોંચી વળવા સહાયક બનશે. આ નિર્ણય નવી દિલ્હીમાં આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને માલદીવના રાષ્ટ્રપ્રમુખ ડૉ. મોહમ્મદ મુઈઝ્ઝુ વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરના સંવાદ દરમિયાન લેવામાં આવ્યો હતો. બંને દેશે ભ્રષ્ટાચારને રોકવા તેમજ તેને પહોંચી વળવા દ્વિપક્ષીય સહયોગ સહિત 2 સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. માલદીવના ન્યાયિક અધિકારીઓ અને રમતગમત અને યુવા બાબતો માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમોના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે બે કરારોનું નવીકરણ પણ કર્યું.

ડૉ. મુઈઝ્ઝુ સાથે સંવાદ બાદ પ્રધાનમંત્રીએ કહ્યું કે, 'ભારત અને માલદીવે પોતાના સહયોગને વ્યૂહાત્મક દિશા આપવા માટે વ્યાપક આર્થિક અને દરિયાઈ સલામતી ભાગીદારીનો દ્રષ્ટિકોણ અપનાવ્યો છે.' શ્રી મોદીએ ઉમેર્યું કે, 'વિકાસ ભાગીદારી બંને દેશના સંબંધનો મહત્વપૂર્ણ સ્તંભ છે તેમજ ભારતે હંમેશા માલદીવના લોકોની પ્રાથમિકતાને મહત્વ આપ્યું છે. આવનારા સમયમાં ભારત અને માલદીવને UPI સાથે જોડવાનું કામ કરાશે.

(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

## NEW J&K CEO VOTE COUNT

હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટેની આવતીકાલે યોજાનારી મતગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. બંને રાજ્યમાં મતગણતરી માટે ત્રણ સ્તરની સલામતી વ્યવસ્થા કરવામાં આવી છે. આવતીકાલે સવારે આઠ વાગ્યે મતગણતરી શરૂ થશે.

જમ્મુ-કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારી પાંડુરંગ કે. પૉલે કહ્યું કે, 'સલામત અને સરળ મતગણતરી પૂર્ણ કરાવવાની તમામ આવશ્યક તૈયારીઓ કરી લેવામાં આવી છે. મતગણતરી કેન્દ્રમાં યોગ્ય ઓળખપત્ર ધરાવતા લોકોને જ

આવવાની મંજૂરી અપાશે. જિલ્લા માહિતી અધિકારીની દેખરેખ હેઠળ કેન્દ્રો પર મીડિયા કેન્દ્ર બનાવાયા છે. તેમના માધ્યમથી ચૂંટણી પરિણામ તરત મળશે.

ઉલ્લેખનીય છે કે, હરિયાણામાં શનિવારે એક જ તબક્કામાં સરેરાશ કુલ 67.9 ટકા મતદાન નોંધાયું હતું.

## AMIT SHAH NEW DELHI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ‘સરકારના કેન્દ્ર અને રાજ્યના સારા સંકલનના કારણે દેશમાં નક્સલવાદનો સંપૂર્ણ રીતે નાશ કરવામાં આવી રહ્યો છે.’ શ્રી શાહે આજે નવી દિલ્હીમાં વામપંથી ઉગ્રવાદ – L.W.E. અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે એક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. તેમણે કહ્યું કે, ‘નક્સલવાદ વિકાસના માર્ગમાં સૌથી મોટી અડચણ છે.’ શ્રી શાહે તમામ યુવાનોને હથિયાર છોડીને મુખ્યધારામાં આવવાની પણ અપીલ કરી છે.

આ બેઠકમાં આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, તેલંગાણા, ઑડિશા, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને કેન્દ્ર, રાજ્યો તેમજ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ – C.A.P.F.ના વરિષ્ઠ અધિકારીઓ પણ આ ચર્ચામાં જોડાયા હતા.

આ પહેલા ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર માર્ચ 2026 સુધી વામપંથી ઉગ્રવાદના જોખમનો સંપૂર્ણ રીતે નાશ કરવા માટે પ્રતિબદ્ધ છે.

## NOBEL PRIZE

શરીરવિજ્ઞાન અને આરોગ્ય ક્ષેત્રમાં યોગદાન બદલ વિક્ટર એમ્બ્રોસ અને ગૈરી રુવકુનને વર્ષ 2024ના નૉબેલ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. માઇક્રો-R.N.A.ની શોધ અને પોસ્ટ—ટ્રાન્સક્રિપ્શનલ જનીન નિયમનમાં મહત્વની ભૂમિકા બદલ તેમને નૉબેલ પુરસ્કારથી સન્માનિત કરાશે. માઇક્રો-R.N.A. એ જનીન

પ્રવૃત્તિઓને કઈ રીતે નિયંત્રણમાં કરવામાં આવી શકે તે નક્કી કરતો એક મૌલિક સિદ્ધાંત છે.

વિજેતાઓને 11 લાખ ડૉલરની ધનરાશિ મળશે. જ્યારે ભૌતિકશાસ્ત્રમાં 2024ના નૉબેલ પુરસ્કારની જાહેરાત આવતીકાલે તો રસાયણ વિજ્ઞાન માટેના પુરસ્કારની જાહેરાત બુધવારે કરાશે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડર સ્કોર **ABAD** ને ફોલો કરી શકો છો.

## NADDA SEARO

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ આજે કહ્યું કે, ‘ભારતની આરોગ્ય પ્રણાલીએ સાર્વત્રિક આરોગ્યના વ્યાપેલા ક્ષેત્ર એટલે કે, U.H.C. હાંસલ કરવા માટે “સંપૂર્ણ સહકાર” અને “સંપૂર્ણ સમાજ”ના દ્રષ્ટિકોણને અપનાવ્યું છે. તે અંતર્ગત પ્રાથમિક આરોગ્ય સંભાળ અને આવશ્યક સેવાઓને મજબૂત કરવા પર ભાર આપવામાં આવે છે.’

વિશ્વ આરોગ્ય સંસ્થા – W.H.O.ના દક્ષિણ-પૂર્વ એશિયા વિસ્તારના 77મા સત્રને સંબોધતા શ્રી નડ્ડાએ કહ્યું, ‘સરકારની આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાથી 12 કરોડથી વધુ પરિવારને લાભ મળ્યો છે.

શ્રી નડ્ડાએ ઉમેર્યું કે, ‘ભારતે વૈશ્વિક પરંપરાગત આરોગ્ય કેન્દ્ર બનાવવામાં W.H.O.નું સમર્થન કર્યું છે. ઉલ્લેખનીય છે કે, શ્રી નડ્ડાને W.H.O.ના દક્ષિણ-પૂર્વ એશિયા પ્રાદેશિક સમિતિના 77મા સત્રના અધ્યક્ષ તરીકે પસંદ કરાયા છે.

## REV WORLD COTTON DAY

વિશ્વભરમાં આજે વિશ્વ કપાસ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. ચીન બાદ ભારત વિશ્વનો સૌથી મોટો કપાસ ઉત્પાદક દેશ છે. વૈશ્વિક વસ્તુ તરીકે કપાસના મહત્વને ઓળખવા અને વિશ્વભરમાં કપાસના ખેડૂતો તેમજ કપાસ ઉદ્યોગ સામે આવતા પડકાર અંગે જાગૃતિ વધારવા માટે દર વર્ષે સાતમી ઑક્ટોબરે આ દિવસ મનાવવામાં આવે છે.

કપાસનો મુખ્યત્વે ઉપયોગ કાપડ ઉદ્યોગમાં કરવામાં આવે છે. આ પશુ ચારા, આરોગ્ય પૂરવઠા અને ખાદ્યતેલ બનાવવા માટે પણ મહત્વપૂર્ણ છે. આ વર્ષ આ આંતરરાષ્ટ્રીય આયોજનનું પાંચમી વર્ષ છે.

## WOMEN CRICKET

મહિલા ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં શારજાહ ખાતે હાલમાં સમૂહ બીની મેચમાં ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઇ રહી છે. દક્ષિણ આફ્રિકાની ટીમે ટોસ જીતીને પહેલાં બેટીંગ પસંદ કરી છે. દક્ષિણ આફ્રિકાએ 5 ઓવરમાં એકપણ વિકેટ ગુમાવી 31 રન બનાવ્યા છે.  આ પહેલા દક્ષિણ આફ્રિકાએ પહેલી મેચમાં વેસ્ટ ઇન્ડિઝને અને ઇંગ્લેન્ડે બાંગ્લાદેશને હરાવ્યું હતું.

ભારતીય મહિલા ટીમે ગઈકાલે દુબઈમાં પાકિસ્તાનને છ વિકેટથી હરાવી સેમિ-ફાઈનલમાં પહોંચવાની આશાને જીવંત રાખી હતી. 106 રનના લક્ષ્યાંકને પૂરો કરતાં ભારતીય ટીમે સાત બોલ બાકી હતા ત્યારે જ લક્ષ્ય હાંસલ કરી મેચ જીતી લીધી હતી. અરૂંધતિ રેડ્ડીને મેચમાં ત્રણ વિકેટ લેવા માટે પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયાં હતાં. હવે ભારત બુધવારે શ્રીલંકા અને રવિવારે વિશ્વવિજેતા ઑસ્ટ્રેલિયા સામે રમશે.

## REV GOYAL INDIA UAE

કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, ‘સરહદ પારના વ્યવહારોને સરળ બનાવવા ભારત અને સંયુક્ત આરબ અમીરાતની સરકાર ભારતના U.P.I. અને

U.A.E. ની A.A.N.I. ને પરસ્પર સાંકળવા કાર્ય  કરી રહી છે. આનાથી U.A.E.માં રહેતા 30 લાખથી વધુ ભારતીયોને લાભ થશે. શ્રી ગોયલે આજે મુંબઈમાં રોકાણ પર ભારત-U.A.E. ઉચ્ચ સ્તરીય સંયુક્ત કાર્યદળની 12મી બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધિત કરતા આ મુજબ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, U.A.E. ભારતમાં ફૂડ પાર્ક સ્થાપવા માટે સંમત થયું છે. આ ફૂડપાર્ક UAEમાં ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરશે અને ભારતીય યુવાનો માટે રોજગાર સર્જન સાથે ભારતીય ખેડૂતોની આવક વધારવામાં મદદ કરશે. ભારત સરકારે દુબઈમાં ઈન્વેસ્ટ ઈન્ડિયાનું કાર્યાલય શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.